જિલ્લા કક્ષાએ મદદનીશ નિયામકની કચેરી માટે નવી ઉભી થયેલ મદદનીશ નિયામક, પ્રોસીક્યુશન (Assistant Director of Prosecution) ની જગ્યાઓ માટે પગારધોરણ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક : **HD/DOP/e-file/8/2025/2999/L-1**

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : **eSign** મુજબ

<u>વંચાણે લીધા</u> :-

(૧) કાયદા વિભાગનો તારીખ ૧૯/૧૧/૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક : LD/DOP/e-file/12/2024 /1958/H.1.

(૨) ગૃહ વિભાગનો તારીખ ૨૯/૦૬/૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક : HD/BCI/e-file/8/2025 /1720/ L-1.

<u>ઠરાવ</u> :-

કાયદા વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) માં દર્શાવેલ ઠરાવથી, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં આકસ્મિક નિધિમાંથી જિલ્લા કક્ષાએ મદદનીશ નિયામકની કચેરીઓ માટે મદદનીશ નિયામકની ૪૨ જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે. ગૃહ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) માં દર્શાવેલ ઠરાવથી, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં આકસ્મિક નિધિમાંથી જિલ્લા કક્ષાએ મદદનીશ નિયામકની કચેરી માટે ઉભી કરવામાં આવેલ વિવિધ ૧૩૦ જગ્યાઓ જેમાં ૪૨ જગ્યાઓ મદદનીશ નિયામક, ૫૫ જગ્યાઓ લૉ ઑફિસર અને ૩૩ જગ્યાઓ પટાવાળાનો સમાવેશ થાય છે તેના મહેકમ ખર્ચ માટે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ચાલુ બાબત તરીકે રૂપિયા ૧.૦૦/- કરોડ(અંકે રૂપિયા એક કરોડ પૂરા) ની ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. પરંતુ, મદદનીશ નિયામકની જગ્યાના પગાર ધોરણ નક્કી કરવામાં આવેલ નહિ. જે પગાર ધોરણ મંજુર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઉક્ત વિગતોએ પુખ્ત વિચારણાના અંતે, જિલ્લા કક્ષાએ મદદનીશ નિયામકની કચેરીઓ માટે મંજુર કરવામાં આવેલ મદદનીશ નિયામક, પ્રોસિક્યુશન (Assistant Director of Prosecution) માટે પે મેટ્રિક્સ લેવલ ૧૧ (રૂપિયા ૬૭,૭૦૦ – ૨,૦૮,૭૦૦) મુજબનું પગારધોરણ નક્કી કરવાનું ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૦૮/૦૯/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રોનક મોદી)

સરકારના નાયબ સચિવ

ગૃહ વિભાગ

**નકલ રવાના :-**

- ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- પ્રિન્સિપાલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારી.
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, આર શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૫.

Signature valid
Signed by:Ronak Modi
Deputy Secretary
Date:2025.09.22
15:35:26 +05:30